# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

**મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ, ઇન્ટરવ્યુ વિભાગ**

**પરિપત્ર ક્રમાંક : ૦૫ /૨૦૨૫-૨૬ તા: 30/03/૨૦૨૬**

---

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં **કાયમી પગારધોરણથી** ફરજ બજાવતાં વર્ગ – ૪ના કર્મચારીઓ (એ.એમ.ટી.એસ., એમ.જે.લાયબ્રેરી, વી.એસ.હોસ્પિ., સ્કુલ બોર્ડ સહિતના) પાસેથી નીચે દર્શાવેલ જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી તા.૧૫/૦૪/૨૦૨૬ સાંજે ૦૫:30 કલાક સુધીમાં એસ્ટાબ્લીશમેન્ટ ઓફિસર(સેન્ટ્રલ ઓફિસ)ને મળે તે રીતે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | સહાયક જુનીયર કલાર્ક |
|---|---|
| જગ્યાની સંખ્યા | ૧૧૦ (૯૧ – બિન-અનામત, ૧૯ – અનુ.જનજાતિ) |
| લાયકાત | • A Bachelor degree in any discipline with 40% or more marks obtained from any of the Universities established or incorporated by or under the central or State Act in India or any other Educational Institution recognized as such or declared as deemed University under Section 3 of the University Grants Commission Act,1956.<br>• Possess adequate knowledge of Gujarati or Hindi or both. |
| પગારધોરણ | હાલ ફીક્સ વેતન રૂ. ૨૬૦૦૦/- ત્રણ વર્ષ સુધી ત્યારબાદ કામગીરીના મુલ્યાંકનને ધ્યાને લઇ, લેવલ ૨ પે મેટ્રીક્સ રૂ. ૧૯૯૦૦/૬૩૨૦૦ની ગ્રેડમાં બેઝીક + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થાં. |

ઉપરોક્ત ખાતાકીય સરક્યુલરથી ભરવાની થતી જગ્યાઓમા અનામત ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો જગ્યા ખાલી રાખવાની રહેશે.

સદરહુ પરિપત્રના અનુસંધાને નિમણુંક પામે તેવા ઉમેદવારોને ફિક્સ પગારની નિતી મુજબ નિમણુંક આપવાને બદલે હવેથી સ્ટેન્ડીગ કમિટી ઠરાવ નંબર: ૮૭૨ તા.૦૨/૧૧/૨૦૨૩ અને મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નંબર: ૭૨૯ તા.૧૯/૧૧/૨૦૨૩ અનુસાર મ્યુનિસિપલ કમિશનરશ્રીને મળેલ સત્તા અનુસાર સેન્ટ્રલ ઓફિસ પરિપત્ર નંબર: ૪૫ તા.૦૬/૧૨/૨૦૨૩ અનુસાર અમલ કરવાનો રહેશે

**-:સી.સી.સી.ની લાયકાત બાબતે:-**

- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/03/૨૦૧૬ નાં ઠરાવ નંબર સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ પથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતો હોવો જોઇશે

અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમાં/ડીગ્રી કે સર્ટિફિકેટ કોર્ષ કરેલા હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે જો કે આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો અરજી શકશેપરંતુ આવા ઉમેદવારોએ નિમણુક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનુ એટલે કે વર્ગ ૩ મા CCC તેમજ વર્ગ ૧ અને ૨ મા CCC+ અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતો વખત નક્કી કરે તેવી લયકાત મેળવી લેવાની રહેશે. જે પરીક્ષા પાસ કર્યાનુ આવુ પ્રમાણપત્ર નિમણુક મેળવતા પહેલા અચુક રજુ કરવાનુ રહેશે. પરંતુ જો પ્રમણપત્ર ના હોય તો હાજર થયા બાદ એક વર્ષમા પાસ કરી પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

-: ઉપરોક્ત જગ્યા માટે અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સૂચનાઓ :-

૧. સદરહુ જગ્યા માટે અરજી કરવા માટે ઉમેદવારે આ સાથે સામેલ નિયતફોર્મમાં જરૂરી વિગતો સ્વહસ્તાક્ષરમાં ભરી નિયત સમયમર્યાદામાં ખાતા મારફતે મોકલવાનું રહેશે.

૨. સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૯૨ તા.૨૯/૦૯/૨૦૨૩ અને મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ ક્રમાંક: ૫૯૭ તા: ૩૦/૧૦/૨૦૨૩ અનુસાર બિન અનામત વર્ગના**(દિવ્યાંગજન વર્ગ સિવાયના)** ઉમેદવારોએ અરજીદીઠ રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) તથા આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ. જાતિ, અનુ. જનજાતિના **(દિવ્યાંગજન વર્ગ સિવાયના)** ઉમેદવારોએ અરજીદીઠ રૂ.૨૫૦/- (અંકે રૂપિયા બસોપચાસ પૂરા)ઓફલાઈન તા:૧૫/૦૪/૨૦૨૬સુધીમાં ભરવાના રહેશે.**(દિવ્યાંગજન વર્ગના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેશે નહીં.)**

૩. ઉમેદવારે અરજીફોર્મ સાથે શૈક્ષણિક લાયકાત(માર્કશીટ અને ડીગ્રી), અનુભવ તથા ઉંમર અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલ નકલો તથા છેલ્લા માસની પગારસ્લીપની નકલ સામેલ કરવાની રહેશે અને અ.મ્યુ.કો. દ્વારા માંગેથી અસલ પ્રમાણપત્રો તથા બઢતીના વખતો-વખતના ઠરાવ ઉમેદવારે રજુ કરવાના રહેશે.

૪. અરજીફોર્મમાં દર્શાવેલ વિગતોમાં કોઇપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં.

૫. અધૂરી વિગતોવાળી, નિયતફોર્મમાં ન હોય તેવી, અધૂરા પ્રમાણપત્રોવાળી, છેલ્લી તારીખ બાદ મળેલ અરજીફોર્મ કે પ્રમાણપત્રોવાળી અરજીઓ અમાન્ય ગણાશે.

૬. લાયકાત અને અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૭. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.

૮. પરિપત્રમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત/ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઇપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સહીત ખાતાના ઇન્વર્ડ/આઉટવર્ડ નંબર તથા ખાતાના અધિકારીશ્રીની સહી સાથેનું જ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૯. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરેલ અનુ.જનજાતિના સર્ટીને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી.

૧૦. મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા-ધોરણો લાગુ પડશે.

૧૧. ઉમેદવારે નિયત ફોર્મમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રકિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard)મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ ગણાશે તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે, તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ કરવામાં આવશે.

૧૨. પસંદગીની પ્રકીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટિ/મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટિ/મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૧૩. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૧૪. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૧૫. આપેલ પરિપત્ર કોઇપણ કારણોસર રદ કરવાનો કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૧૬. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઇ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.in ઉપર જોતા રહેવા વિનંતી છે.

૧૭. ઉમેદવારોએ લેખિત પરીક્ષા / મૌખિક ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૧૮. ખાતાકીય પરિપત્રમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતી નક્કી કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૧૯. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ગ – ૩ અને વર્ગ – ૪ના તમામ સંવર્ગોની જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણુંકો ફીક્સ પગારના સહાયક અજમાયશી તરીકે કરવાનો અમલ રાજ્ય સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ / ૨૦૦૨ / ૫૭ / ઝ.૧ તા.૧૬/૦૨/૨૦૦૬ની યોજનાની જોગવાઇઓને ધ્યાને લઇ સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૩૧૮ તા.૦૯/૦૬/૨૦૦૬ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૨૧૩ તા.૨૩/૦૬/૨૦૦૬, સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૧૨૬૫ તા.૦૭/૧૦/૨૦૧૧ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૧૭૬૧ તા.૦૧/૧૨/૨૦૧૧ અને સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૨૮૬ તા.૦૮/૦૬/૨૦૧૭ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૩૧૩ તા.૨૮/૦૬/૨૦૧૭ તથા સેન્ટ્રલ ઓફિસ સરક્યુલર નંબર ૩૭ તા.૨૩/૧૦/૨૦૨૩ મુજબ સુધારેલ નવી હયાત ફીક્સ પગારની નિતિ મુજબ પસંદગીથી નિમણુંક પામેલ ઉમેદવારોને જરૂરી શરતો અને બોલીઓ યથાવત રહેશે તથા સરકારશ્રીના વખતો-વખત થતા ફેરફારને આધિન રહેશે.

**નોંધ: દરેક ખાતાના અધિકારીશ્રીએ આ પરીપત્રની જાણ ફરજ બજાવતાં કર્મચારીઓને થાય તેવી વ્યવસ્થા ગોઠવવા અને સદર પરિપત્રની નોંધ દરેક સંબધિત ઉમેદવારને અચુકથી લેવડાવવા વિનંતી છે.**

તા:૩૦/૦૩/૨૦૨૬

સહી: બંછાનિધિ પાની
મ્યુનિસિપલ કમિશનર

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

### મહાનગર સેવા સદન

### મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફિસ, ઇન્ટરવ્યુ વિભાગ

### પરિપત્ર ક્રમાંક : ૦૫ / ૨૦૨૫-૨૬તા: ૩૦/૦૩/૨૦૨૬

**સહાયકજુનીયરકલાર્કની જગ્યા – અરજી પત્રક**

ઉમેદવારનું નામ : ............................................................એમ્પ્લોઇ નં..................

સરનામું : ..............................................................................................

..............................................................................................

મોબાઇલ નંબર : .......................................... જન્મતારીખ : ..................................

પરિપત્રમાં દર્શાવેલ રોસ્ટર મુજબ જાતિ : (બિનઅનામત,અનુ.જનજાતિ) ..................

ઉમેદવારની જાતિ : (બિનઅનામત, આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ.જાતિ, અનુ.જનજાતિ)

ઉમેદવારનો તાજેતરનો ફોટોગ્રાફ અહીં લગાવવો.

શૈક્ષણિક લાયકાત :

| ડીગ્રી | સ્પેશ્યલાઇઝેશન | યુનિ. | વર્ષ | વર્ગ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

અનુભવ :

| અનુ. | અ.મ્યુ.કો. સિવાયનો / અ.મ્યુ.કો.માં જે હોદ્દા પર નોકરી કરી હોય તેની વિગત | | | નોકરીનો કુલ સમયગાળો વર્ષ / માસ |
|---|---|---|---|---|
| | સંસ્થા અને વિભાગનું નામ | હોદ્દો | કઈ તારીખથી કઈ તારીખ સુધી | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| કુલ | | | | |

તારીખ : ........................................ ઉમેદવારની સહી

બિડાણ :

૧.............................................................. ૨..............................................................

૩.............................................................. ૪..............................................................

૫.............................................................. ૬..............................................................

૭.............................................................. ૮..............................................................

નોંધ :

- બિડાણમાં દર્શાવેલ દરેક પુરાવાની નકલ સ્વપ્રમાણિત (Self-Attested)કરવાના રહેશે.
- છેલ્લા માસની પગાર સ્લીપની નકલ ફરજીયાત સામેલ કરવાની રહેશે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## મહાનગર સેવા સદન

**ઓફિસ કોપી**

અરજી ક્રમાંક:................ તા. ...../........./૨૦૨૬

ઉમેદવારનુ નામ: ..........................................................................................................................

એમ્પ્લોઇ નં. ................ મોબાઇલ નંબર .............................................

ખાતાકીય પરિપત્ર ક્રમાંક: ૦૫/૨૦૨૫-૨૬ થી સહાયક જુનીયર કલાર્ક નીજગ્યા માટે સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૯૨ તા:૨૯/૦૯/૨૩ અને મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ ક્રમાંક: ૫૯૭ તા:૩૦/૧૦/૨૩અનુસાર બિન અનામત વર્ગના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) તથા આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ. જાતિ, અનુ. જનજાતિના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પૂરા) આજ રોજ રોકડા મળેલ છે.

નાણાં લેનારની સહી તથા હોદ્દો

એમ્પ્લોઈ નં. ....................

.......................................................................................................................................................

**ઉમેદવારની કોપી**

અરજી ક્રમાંક:................ તા. ...../........./૨૦૨૬

ઉમેદવારનુ નામ: ..........................................................................................................................

એમ્પ્લોઇ નં. ................ મોબાઇલ નંબર .............................................

ખાતાકીય પરિપત્ર ક્રમાંક: ૦૫/૨૦૨૫-૨૬ થી સહાયક જુનીયર કલાર્કની જગ્યા ભરવા માટે સ્ટે. કમિટિ ઠરાવ ક્રમાંક: ૬૯૨ તા:૨૯/૦૯/૨૩ અને મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ ક્રમાંક: ૫૯૭ તા:૩૦/૧૦/૨૩અનુસાર બિન અનામત વર્ગના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) તથા આ.ન.વ., સા.શૈ.પ.વર્ગ, અનુ. જાતિ, અનુ. જનજાતિના (દિવ્યાંગજન વર્ગ સિવાયના) ઉમેદવારોએ અરજીદીઠ રૂ. ૨૫૦/- (અંકે રૂપિયા બસો પચાસ પૂરા) આજ રોજ રોકડા મળેલ છે.

નાણાં લેનારની સહી તથા હોદ્દો

એમ્પ્લોઈ નં. ....................